ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



નાનો હતો ત્યારે મોબાઈલ બગડી જતો ત્યારે બાબાને જવાબદાર ઠેરવતા હતા... હવે એ પોતે બગડી ગયો ત્યારે... મોબાઈલને જવાબદાર કહો છો ?

# સે-૨૧ના છાપરામાંથી વિદેશી દારૂની બોટલો મળી

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૨૧ પેટ્રોલ પંપ પાછળ સ્થિત છાપરામાં એક શખ્સ વિદેશી દારૂની બોટલો રાખી છુટક ધંધો કરતો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે મોડી રાત્રે દરોડો પાડી છાપરામાંથી ૧૦ નંગ દારૂની બોટલો સાથે એક શખ્સને ઝડપી પાડયો હતો. સે-૨૧ પોલીસે રૂ. ૪૫૦૦ના મુદ્દામાલ સાથે ખેપીયાની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

સેકટર-૨૧ પોલીસ મથકના ડીસ્ટાફ પીએસઆઈ સી.બી. ચૌહાણ તથા તેમની ટીમે ગત રાત્રીએ પોણા એક વાગ્યાના અરસામાં બાતમીને આધારે સે-૨૧ પેટ્રોલ પંપ પાછળના છાપરામાં દરોડો પાડયો હતો. છાપરામાં તપાસ કરતાં અંદરથી ૧૦ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ. ૪ હજારની દારૂની બોટલો તથા મોબાઈલ મળીને કુલ રૂ. ૪૫૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે છુટક દારૂનો ધંધો કરનાર ભગવાન નરેશ સોલંકીની ધરપકડ કરી તેની સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે. દારૂની બોટલો કયાંથી લાવ્યો હતો અને કોને વેચતો હતો તે સહિતની તપાસ શરુ કરવામાં આવી છે.

# ધોરણ-૩ની વિદ્યાર્થીની દાગીના ભરેલુ પાકીટ ચોરી ગઈ...!

## ટયુશનમાં આવતી બાળકીએ શિક્ષિકાનું પાકીટ ઉપાડીને માતાને આપી દીધું હોવાની પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીકના એક ગામમાં રહેતી ૮ વર્ષની બાળકી ધો-૩ના ટયુશન કલાસીસમાં જતી હતી તે સ્થળેથી શિક્ષિકાનું દાગીના તથા રોકડ ભરેલુ પાકીટ ચોરી કરી પોતાના ઘરે માતાને આપી દીધું હોવાની ફરિયાદ શિક્ષિકાએ નોંધાવી છે. પેથાપુર પોલીસે શિક્ષિકાની ફરિયાદને આધારે માતા દિકરીએ ચોરી કરી છે કે કેમ તે સહિતની તપાસ માટે તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર નજીક આવેલા એક ગામમાં મકાનમાં ચાલતા ટયુશન કલાસીસમાં અભ્યાસ માટે આવતી ધોરણ-૩ની વિદ્યાર્થીની ચોરી કરી ગઈ હોવાની ફરીયાદ નોંધાવા પામી છે. શિક્ષિકાના કલાસીસમાંથી શિક્ષિકાની સોનાની બંગડી, ચેઈન અને વીંટી ઉપરાંત રોકડ મળીને કુલ રૂ. ૪૫ હજારની માલમત્તા ભરેલું પાકીટ ધોરણ-૩ની વિદ્યાર્થીની ઉપાડી ગઈ હતી અને તેણીની માતાને આપી દીધું છે. આ ફરિયાદ શિક્ષિકાએ આપતા પેથાપુર પોલીસે માતા દિકરી સામે ગુનો દાખલ કરીને તે દિશામાં ઉંડી તપાસ શરુ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

- આજે કોંગ્રેસના નિરીક્ષકોએ કલોલ તા.પા. અને જિ.પં.ની બેઠકોની સુનાવણી પુરી કરી છે.
- જિલ્લા ભાજપ દ્વારા માણસા તા.પં.ની બેઠકોની પસંદગી માટે બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચૂંટણીઓ જાહેર થતાં જ કાર્યકરોની અવર-જવર ઘટી જવા પામી છે.
- ગાંધીનગરમાં આજે આખો દિવસ પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ચાલી હતી.
- રાજ્ય ચૂંટણી પંચે આજે જિલ્લા કલેક્ટરો સાથે વિડીયો કોન્ફરન્સ કરી અને ચાલી રહેલી ચૂંટણીની તૈયારીની સમીક્ષા કરી હતી.
- રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સાથે ૧૮ નગરપાલિકાની ૫૪ બેઠકો તેમજ બનાસકાંઠાની દાંતા અને ભાભર તા.પં.ની ૪ બેઠકોની પેટાચૂંટણી પણ યોજાશે.

# કેપીટલ ક્રિએટીવ કલબ દ્વારા આયોજીત ગરબામાં ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા

ગાંધીનગર, તા. ૨૮

કેપીટલ ક્રિએટીવ કલબ, ગાંધીનગર દ્વારા શરદપૂનમ નિમિત્તે ગરબા તેમજ શેરી ગરબા આયોજકોનો સન્માન સમારોહનું આયોજન સે. ૨૧, ચ-૩, મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેરી ગરબાના ૧૧૦ આયોજકોનું દિવી, શિલ્ડ, અને ખેસ આપી સન્માન કરાયું હતું. જ્યારે ગરબા મેદાન ખાતે મનમુકીને ખેલૈયાઓ ગરબે ઘુમ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી ગરબાને માણ્યા હતા. ખેલૈયાઓને વિવિધ કેટેગરીના ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



શરદપૂર્ણિમા નિમિત્તે કેપીટલ ક્રિએટીવ કલબ દ્વારા ગરબાનું આયોજન કરાયું હતું. ચ-૩ સેક્ટર-૧૧ ખાતે સ્થિત ગરબા મેદાનમાં કલબના પ્રમુખ મુકેશ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, વિજયસિંહ વાઘેલા, પ્રેમબા હાડા, ધારાસભ્ય કામીનીબેન રાઠોડ, અશ્વિન કોટવાલ (ધારાસભ્ય ખેડબ્રહ્મા), પ્રવીણભાઈ રાઠોડ (ધારાસભ્ય પાલીતાણા), બળદેવજી ઠાકોર (ધારાસભ્ય કલોલ), ડૉ. સી. જે. ચાવડા, મુકેશ મારૂ, સહિતના અગ્રગણ્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આદ્યશક્તિની જ્યોત પ્રગટાવી આરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ જાણીતા કલાકાર શ્યામ ગઢવી અને તેમની ટીમે ગરબાનો પ્રારંભ કરાવ્યો હતો. નવરાત્રી પૂર્ણ થયા બાદ શરદપૂર્ણિમાના ગરબાના આયોજનમાં ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. નવયુવાન હિલોળે ચઢતા ગરબા ગ્રાઉન્ડમાં ભારે ભીડ જામી હતી. ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ તેમજ અવનવા સ્ટોપ્સ સાથે ગરબે ઘુમતા ખેલૈયાઓને નિહાળવા માટે મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.





તારા વિના શ્યામ મને એકલડુ લાગે, આજનો ચાંદલિયો મને લાગે પ્યારો, કાનજી ક્યાં રમી આવ્યા રાસ રે, આંખલડી રાતી રે ઉજાગરો ક્યાં રે કિધો, મારી શેરીએથી કાનકુંવર નિસર્યા રે... જેવા વિવિધ ગરબા ગવાતા ગરબાની રમઝટ જામી હતી. ગરબે ઘુમતા ખેલૈયાઓનો વિવિધ ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. ગરબાના નિર્ણાયક તરીકે અંજના નિમાવત, નિષ્ઠા જોષી, મનિષા ખત્રીએ સેવા આપી હતી.

ત્યારબાદ ગરબા મેદાનમાં હાજર સૌ ભાવિકોની વચ્ચે શેરી ગરબાના ૧૧૦ આયોજકોનું સન્માન કરાયું હતું. કેપીટલ ક્રિએટીવ કલબના આંગણે ગરબા નિહાળવા માટે કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક વ્યાસ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રવિણભાઈ પટેલ, યુસુફભાઈ પરમાર, પીંકીબેન પટેલ, જીતુ રાયકા, હસમુખ મકવાણા, અશોક શ્રીમાળી સહિત પ્રદેશ મહામંત્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ક્રિએટીવ કલબના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કોલવડા કેળવણી સંચાલિત માણેકબા કોમ્યુનિટી હોલનો ભૂમિપૂજન સમારોહ

ગાંધીનગર, તા.૨૮

કોલવડા કેળવણી મંડળ સંચાલિત કે.કે. વિદ્યાલય ખાતે મીણેકબા મફતલાલ પટેલ કોમ્યુનીટી હોલનું ભૂમિ પૂજન તા. ૨ નવેમ્બરને સવારે ૯ કલાકે કરવામાં આવશે.

કોલવડા કેળવણી મંડળના પ્રમુખ છત્રસિંહ વાઘેલાએ આ અંગે જણાવ્યા મુજબ કેળવણી મંડળ સંચાલિત કોલવડા કે.કે. પટેલ વિદ્યાલય ખાતે તા. ૨ નવેમ્બરના રોજ સવારે ૯ કલાકે માણેક બા મફતલાલ પટેલ કોમ્યુનીટી હોલનું ભૂમિપૂજન કોમ્યુનિટી હોલના દાતા અને ખાત્રજ આલ્ફા એન્જીનીયરીંગ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી લક્ષ્મણભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે ભાડજ સરસ્વતી રાઈસ મીલના બાબુલાલ માથાલાલ પટેલ, કડી રાજા ઈન્ડસ્ટ્રીઝના દિલિપભાઈ પ્રહલાદદાસ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ, કોલવડાના પૂર્વ ડેપ્યુટી સરપંચ મનુભા વાઘેલા, મુખ્ય દાતા ચંચળ બા વાઘેલા, જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ, પૂર્વ સરપંચ સોનલબા ઘનશ્યામસિંહ વાઘેલા, પ્રવિણસિંહ ઈશ્વરસિંહ વાઘેલા, વિષ્ણુભાઈ પટેલ, કમળાબેન પટેલ, કોલવડા ગામના સરપંચ રમેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કોલવડા કેળવણી મંડળ તેમજ શાળા પરિવારના પ્રવિણભાઈ પટેલ, નીરૂબેન શ્રીમાળી, ભાવનાબેન વાઘેલા પણ હાજરી આપશે.

# રાજ્યકક્ષાની બાળ વિજ્ઞાન પરિષદમાં જે.બી. પ્રાથમિક શાળાના બે પ્રોજેક્ટની પસંદગી

ગાંધીનગર, તા. ૨૮

તાજેતરમાં જિલ્લાકક્ષાની બાળ વિજ્ઞાન કોંગ્રેસ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ટપક સિંચાઈ પદ્ધતિ અને ઔદ્યોગિકરણ વિષયે બે પ્રોજેક્ટ રજુ કરાયા હતા.

બન્ને પ્રોજેક્ટની પસંદગી રાજ્યકક્ષાની બાળ વિજ્ઞાન કોંગ્રેસ પરિષદ માટે કરવામાં આવી હતી. જેમાં લવ ધોબી, ધૈય પટેલ, પૃથ્વીશ પટેલ, દેવમ પ્રજાપતિ, વૈભવ પરમાર, વ્રજ પટેલ, રવિ પટેલ, શીલ પટેલ, જશ પટેલ, રાજ પટેલ વગેરે વિદ્યાર્થીઓએ પ્રોજેક્ટ રજુ કર્યા હતા. પ્રોજેક્ટ માટે વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકો દિગ્નેશભાઈ પટેલ અને રૂચિતભાઈ ઠાકોરને શાળાના આચાર્યાએ અભિનંદન પાઠવ્યા હતા.

# સરદાર જયંતીના અવસરે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ રે..." કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

રાષ્ટ્રીય એકતા દિન-સરદાર જયંતીના અવસરે "વૈષ્ણવજન તો તેને રે કહીએ રે, જે...' કાર્યક્રમનું આયોજન આગામી તા. ૩૧મી ઓક્ટોબરના રોજ સાંજે ૪.૩૦થી ૬.૩૦ દરમ્યાન રાષ્ટ્રીય સરદાર સ્મારક, સર્કિટહાઉસ સામે, શાહીબાગ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

આ અવસરે સમારંભના અધ્યક્ષ તરીકે નિવૃત્ત ચીફ જસ્ટીસ શ્રી બી.સી. પટેલ ઉપસ્થિત રહેશે. આર્શિવચન સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ પાઠવશે. મુખ્ય વક્તા ડૉ. રીઝવાન કાદરી 'સરદારની સદ્ભાવના' વિષય પર પ્રવચન આપશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સરદાર પટેલ મેમોરિયલ સોસાયટી અને નિવૃત્ત સિનિયર સરકારી અધિકારીઓ એમ.એ. પટેલ અને વજુભાઈ પરસાણા પ્રેરિત ઈન્ડિયન ફર્સ્ટ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરમાં સ્વાદપ્રમીઓ માટે રાધેથાળનો આજથી શુભારંભ

## કલર, એસન્સ અને લીંબુના ફુલના ઉપયોગ વગર શુધ્ધ ભોજન પીરસાશે

ગાંધીનગર તા ૨૮

હવે રાજકોટના રાધે થાળનો ચટકો ગાંધીનગરાઓને પણ માંણના મળશે. ઈન્ફોસિટી સરગાસણ ક્રોસ રોડ પાસે રાજકોટના રાધે કેટરર્સ દ્વારા રાધે થાળનો આજે શુભારંભ કરવામાં આવશે.

રાજકોટમાં વર્ષોથી રાધે કેટરર્સમાં સેવા આપતા ચેતન પારેખે જણાંવ્યુ હતુ કે રાજકોટની સફળતા બાદ હવે ગાંધીનગરમાં સુનિલ ત્રિવેદી , રવિ ત્રિવેદી અને જયદીપ ત્રિવેદીના સહયોગથી રાધે થાળનો રસાસ્વાદ નગરજનોને માંણવા મળશે. તેમણે જણાંવ્યુ હતુ કે શુધ્ધતા અને સાત્વિકતાને પ્રાધાન્ય આપતા અને સ્વાદ સોડમના આગ્રહ સાથે રાધે થાળમાં રસોઈની પ્રક્રીયામાં કલર એસન્સ કે લીંબુના ફુલનો ઉપયોગ કરવામાં આવતો નથી. રસોઈમાં શુધ્ધ સીંગતેલ, શુધ્ધ ઘી તાજા મસાલા, લીલા શાકભાજીનો ઉપયોગ કરવામાં આવે છે જયારે રસોઈ બનાવવા માટે મીનરલ વોટરનો ઉપયોગ કરવામાં આવે છે. સ્વાદની સાથે આમ નાગરિકોનુ આરોગ્ય પણ જળવાઈ રહે તે માટે સતત ધ્યાન રાખવામાં આવે છે. રાધે થાળનો આજથી શુભારંભ કરવામાં આવશે. જયારે રાધે થાળમાં સ્વાદપ્રમીઓ માટે ગુજરાતી અને કાઠીયાવાડી અનલિમિટેડ થાળ પીરસવામાં આવશે.

# ટાયરની ટ્યુબના જથ્થા સાથે બાઈક પર જતા બે ઝડપાયા

## ટ્યુબનો જથ્થો ચોરીનો હોવાની કબુલાત : પેથાપુર ચોકડી પાસેથી મોડી રાત્રે પોલીસે બંનેને પકડ્યા

પેથાપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.બી. વાળાની સુચનાથી ગઈ રાત્રે તેમની ટીમના હેડ કોન્સ્ટેબલ ધીરજકુમાર મફતભાઈ તથા કોન્સ્ટેબલ અરવિંદભાઈ અને ભાવેશભાઈ નાઈટ રાઉન્ડમાં હતા તે દરમ્યાન પેથાપુર ચોકડી પાસે વાહન ચેકીંગમાં મધરાત્રે એક પલ્સર બાઈક પર જતા બે શખ્સોને પકડ્યા હતા. અમદાવાદ દરીયાપુરના શાહરૂખ સાદીક પઠાણ અને વિજાપુરના ઈસ્માઈલ ઝુમેર શેખ બંને શખ્સો પાસેથી ૨૧ નંગ રીક્ષાના ટાયરની ટ્યુબો અને ૨૧ નંગ બાઈકના ટાયરની ટ્યુબ મળી આવી હતી. રૂ. ૨૫,૫૦૦ની કિંમતના આ ટ્યુબનું બિલ ન હોવાનું ધ્યાને આવતા પોલીસે બંનેની સઘન પુછપરછ કરતાં ચોરીનો જથ્થો હોવાનું ખુલ્યુ છે. પેથાપુર પોલીસે બંનેની ધરપકડ કરીને વિજાપુર પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

# નવી દિલ્હી ખાતેના બિઝનેસ પેવેલિયનમાં ગુજરાતે યોજ્યું ઔદ્યોગિક સાફલ્યગાથાનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત સરકારે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (એસઆઈઆર), ડીએમઆઈસી પેવેલિયમને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (એસઆઈઆર), પેટ્રોલિયમ, કેમિકલ્સ અને ઝડપી વૃદ્ધિની પ્રસંશા કરી હતી. આફ્રિકાના નાઈજેરિયા અને મોરોક્કો સહિતના દેશોના પ્રતિનિધિઓએ આ પેવેલિયનની




અને ગિફ્ટ સિટીના સંકલિત વિકાસ મારફત તેના મજબૂત ઔદ્યોગિક ઉત્પાદનના ઈન્ફ્રાસ્ટ્રક્ટર અને રોકાણની તકોના નિદર્શન સાથે મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે.

દેશની રાજધાની નવી દિલ્હી ખાતે ચાલી રહેલ તા. ૨૬થી ૨૯ ઓક્ટોબર દરમ્યાન આયોજિત ભારત-આફ્રિકા ફોરમ સમિટ-૨૦૧૫ના બિઝનેસ એક્ઝિબિશનમાં ગુજરાત પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (પીસીપીઆઈઆર), ધોલેરા એસઆઈઆર, દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (ડીએમઆઈસી) અને ઈન્ટરનેશલ ટેક-સિટી (ગિફ્ટ) સહિતના અગ્રણી પ્રોજેક્ટનું પ્રદર્શન રજુ કરવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રીશ્રી જનરલ વી.કે. સિંહે પણ ગુજરાતના પેવેલિયનની મુલાકાત લઈ રાજ્યની મુલાકાત લીધી હતી.

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલ અને ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશનના કમિશનર શ્રીમતિ અંજુ શર્માના પ્રત્યક્ષ દેખરેખ હેઠળ વાઈબ્રન્ટ ગુજરાતના બેનર હેઠળ ઈન્ડેક્ષ્ટ-બી અને જીએનએફસી દ્વારા ગુજરાત પેવેલિયનનું સંયુક્ત રીતે આયોજન કરવામાં આવ્યું હતું.



ટ્રીમીંગ : શહેરના ચ-માર્ગ પર ફૂલેલા - ફાલેલા અને છેક નીચે સુધી લબડતી ડાળખીઓને હટાવવા વ્યાપક પ્રમાણમાં ટ્રીમીંગ કરાયું હતું. મુખ્ય માર્ગોની બંને બાજુના વૃક્ષો ખૂબ ઝડપથી ફેલાય છે તેના કારણે માર્ગ પર વિઝન કપાય છે. જેથી માર્ગ પર અકસ્માતનો ભય સતત વર્તાય છે. ટ્રીમીંગ નિયમિત થાય એ આવકાર્ય છે.

# કોંગ્રેસ ત્રણ દિવસમાં ઉમેદવારોની પસંદગીને અંતિમ ઓપ અપાશે

અમદાવાદ, તા.૨૮

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજ રોજ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતુંકે, કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગર અને નગરપાલિકાઓ માટે ઉમેદવારો પસંદગીની મોટા ભાગની કામગીરીને આગામી ત્રણ દિવસમાં આખરી ઓપ આપવામાં આવશે. ૩૧ જિલ્લાઓમાં જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત માટે ઉમેદવારોની પસંદગી માટે સ્થાનિક કક્ષાએ સંકલન સમિતિની બેઠક ચાલી રહી છે. ૬ મહાનગરપાલિકાઓમાં પણ ઉમેદવારોની પસંદગીની કામગીરી વેતવંતથી ચાલે છે અને તે માટે વરિષ્ઠ નેતાઓને સોંપાયેલ જવાબદારી અનુસાર આગામી બે-ત્રણ દિવસમાં પૂર્ણ થશે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વિવિધ મતદારોના મતાદન અંગે પુછાયેલા પ્રશ્ન અંગે વાતચીતમાં ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ સહીત રાજયનાં તમામ વર્ગનો ભાજપ શાસનથી મોહભંગ થયો છે. ભાજપે મધ્યમવર્ગને સૌથી વધુ નુકસાન કર્યું છે. સૌથી વધુ ભાજપને ધન સંગ્રહ યોજના હેઠળ ૫૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ મધ્યમવર્ગે આપી હતી. પાટીદાર સમાજના અનેક આગેવાનો અને કાર્યકરો ભાજપ પક્ષ છોડીને કોંગ્રેસ પક્ષમાં જોડાઈ રહ્યા છે. આગામી સમયમાં કોંગ્રેસ પક્ષની પ્રચાર-પ્રસારની રણનિતી કેવી રહેશે તે અંગે પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ મધ્યમવર્ગનો અવાજ બની રહેશે. ૧.૩૩ લાખ કરોડ રૂપિયાનો ટેક્ષ ગુજરાતની તિજોરીમાં ભરનાર મધ્યમર્વગને ભાજપ શાસકોએ અન્યાય કર્યો છે. ધંધા-રોજગાર પડી ભાંગ્યા છે. ભાજપ શાસકોની મોટા ઉદ્યોગો તરફી નિતીના કારણે ગુજરાતના ઓળખ સમાન સીરેમીક, ઓઈલ એન્જીન, બ્રાસપાટ, ડાયમંડ સહિતના ઉદ્યોગો પડી ભાંગ્યા છે. પરિણામે બેરોજગારીમાં વધારો થયો છે.

# સેક્ટર-૨૧ પુસ્તકાલય ખાતે ચિત્ર પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના કલાકાર રોહિત ધીરજકુમારનું 'ફિલોસોફી ઓફ નેચર' વિષય પરનું સોલો ચિત્ર પ્રદર્શન તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર-૧૫ના રોજ સેક્ટર-૨૧ની ડિસ્ટ્રીક્ટ લાયબ્રેરી ખાતે યોજવામાં આવશે. ચિત્ર પ્રદર્શનનું ઉદ્ઘાટન ગ્રંથાલય નિયામક શ્રી કૌશિક શાહ અને પૂર્વ સાંસદ શ્રી રતીલાલ વર્માના હસ્તે કરવામાં આવશે. લેખક શ્રી કેશુભાઈ દેસાઈ આ અવસરે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. સવારે ૧૦.૩૦થી ૬ ખુલ્લુ રહેશે.